અરજી દાખલ કર્યા તારીખ:– ૦૫/૧૧/૨૦૨૨
અરજી નોંધ્યા તારીખ :– ૦૫/૧૧/૨૦૨૨
અરજી ફેસલ કર્યા તારીખ :– ૧૫/૧૧/૨૦૨૨
અવધિ, વર્ષ – ૦૦, માસ– ૦૦ દિવસ –૧૦

**ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. ધ્રાંગધ્રા.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧૦/૨૦૨૨**
**આંક :–**

અરજદારો **:–** **૧.** **રસીદખાન અમીરખાન મલેક,**
ઉ.વ.આ. ૩૪,ધંધો–મજુરી,
રહે. ગેડીયા તા. પાટડી. જી. સુરેન્દ્રનગર.

૨. **અહેમદખાન સબરખાન મલેક,**
ઉ.વ.આ. ૩૩,ધંધો–મજુરી,
રહે. ગેડીયા તા. પાટડી. જી. સુરેન્દ્રનગર.

::– **વિરુધ્ધ** –::

સામાવાળા:– શ્રી સરકાર.

બાબત:–ક્રિ.પો.કો.ક. ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી.

અરજદારો/ આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા.
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટ.

// **ચુ કા દો** //

**૧.** આ કામના આરોપી ૧. રસીદખાન અમીરખાન મલેક, ૨.અહેમદખાન સબરખાન મલેક બંને રહે. ગેડીયા તા. પાટડી. જી. સુરેન્દ્રનગર નાઓની બજાણા પો. સ્ટે.ગુન્હા રજી. નં.૧૧૨૧૧ ૦૫૮૨૦૦૨૮૭/૨૦૨૦, ભારતીય દંડ સહીતાની કલમ–૩૦૭,૩૫૩,૩૩૩,૩૨૫,૩૨૩,૧૧૪ મુજબ ના ગુનાના કામે તા.૨૭/૦૫/૨૦૨૦ ના રોજ ધરપકડ કરવામાં આવેલી ત્યારથી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ચાલી આવેલ છે. ત્યાર બાદ આ કામના આરોપી નં. ૧ નાએ ચાર્જશીટ પહેલા અત્રેની કોર્ટમાં

ફો.પ.અ. નં.૨૩૬/૨૦૨૨ થી રેગ્યુલર જામીન મુકત થવા જામીન અરજી કરેલી જે નામંજુર થયેલ, પરંતુ હાલ આરોપીઓ સામેના ગુનાની તપાસ પુર્ણ કરી તપાસ કરનાર પોલીસ અમલદારે સક્ષમ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી દીધેલ છે જેનો સે.કે.નં. ૧૫/૨૦૨૧ હાલ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે તેથી હાલના આરોપીઓએ ચાર્જશીટ બાદ બદલાયેલા સંજોગોનુ કારણ દર્શાવી જામીન ઉપર મુકત થવા કિં.પો.કો. ક. ૪૩૯ અન્વયે હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલી છે.

૨. આરોપીઓની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળા/ ફરીયાદીને સમન્સ કરતા વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની આંક–૦૫ થી એફિડેવીટ રજુ કરી આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા માંગણી કરેલ છે.

૩. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણાની તથા ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી વી.એચ. ભટ્ટની વિગતવાર દલીલો સાંભળવામાં આવી.

૪. અરજદાર/ આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીઓએ એફ.આઈ.આર.માં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલો નથી કે પોલીસને માર મારેલ નથી કે કોઈ ઈજાઓ કરેલ નથી, પરંતુ આરોપીઓને પોલીસે માથા તથા શરીરના અન્ય ભાગો પર ઢોર માર મારી ગંભીર ઈજાઓ કરેલી હોય જેથી ઈજા બાબતે પોલીસ વિરુઘ્ધ ફરીયાદ ન થાય તેથી હાલના આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધેલા છે. વધુમાં અરજદાર/ આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીઓ સામેના ગુનાની તપાસ પુર્ણ કરી પોલીસ અમલદારે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી દીધેલ છે જેનો સે.કે.નં. ૧૫/૨૦૨૧ હાલ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે જે ચાલતા ઘણો લાંબાં સમય જાય તેમ છે જો આરોપીઓને રેગ્યુલર જામીન મુકત ન કરવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે, આરોપીઓ તેઓના કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે જો આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત ન કરવામાં આવે તો તેઓના પરીવારને આર્થીક સહન કરવુ પડે તેમ છે. વધુમાં અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે,આરોપીઓ સ્થાનીક રહીશ છે કયાંય નાશી ભાગી જાય તેમ નથી જો આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરશે નહી

તેની ખાત્રી આપે છે જેથી હાલના આરોપીઓને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા જોઈએ.

૫. ફરીયાદપક્ષે વી.એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ ધ્વારા એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સહીતાની કલમ–૩૦૭,૩૫૩,૩૩૩,૩૨૫,૩૨૩,૧૧૪ મુજબ ના ગુનાનો આક્ષેપ છે જે અંગેનો સે.કે.નં. ૧૫/૨૦૨૧ હાલ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે આ કામના આરોપીઓ લીસ્ટેડ ગુનેગાર હોય લાંબાં સમયથી નાસતા ફરતા હોય પોતાની ધરપકડ ટાળવા સારુ પોલીસ કર્મચારીઓ ઉપર જીવલેણ હુમલો કરેલો છે, આરોપી નં.૧ નાએ લોખંડના પાઈપ વતી પો. ઈન્સ.શ્રી ડી.એમ.ઢોલને ડાબા હાથે ફ્રેકચરની ગંભીર ઈજા કરેલી છે તેમજ સહ પોલીસ કર્મચારીઓને નાની મોટી ઈજાઓ કરેલી છે તેમજ આરોપી નં.૨ નાએ છરી વતી પોલીસ કર્મચારીઓ ઉપર હુમલો કરેલો છે અને ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ગળાના ભાગે છરીનો ઘા કરતા ફરીયાદીએ મોઢુ ફેરવી લેતા નાકના ભાગે ગંભીર ઈજા કરેલી છે તેમજ શરીરે નાની મોટી ઈજા કરેલી છે તેમજ પો.કો. સાહેદ કલ્પેશભાઈને જમણા હાથના કાંડા તેમજ મસલ્સ ઉપર ત્રણ જગ્યાએ છરીના ઘા મારી જીવલેણ ઈજા કરેલી છે. હાલના આરોપીઓએ બનાવમાં વાપરેલ છરી તથા લોખંડનો પાઈપ તપાસના કામે કબજે કરેલો છે. આમ હાલના આરોપીઓની સદર ગુનામાં મુખ્ય ભુમીકા રહેલી છે.વધુમાં વિ.એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટની દલીલ છે કે, આ કામના આરોપીઓ ગુના કરવાની ટેવવાળા છે આ કામના આરોપીઓ સામે હાલના ગુના ઉપરાંત ચોરી તેમજ હથિયારધારાના ઘણા ગુના નોધાયેલા છે અને આરોપીઓ હાલનો ગુનો કર્યા બાદ ઘણા લાંબા સમયથી નાશતા ફરતા હતા, જો આરોપીઓને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો નાશી ભાગી જાય તેવી દહેશત રહેલી હોય તેમજ જામીન મુકત થયેથી ફરી ચોરી જેવા ગુના આચરે તેવી શકયતા રહેલી છે તેમજ આરોપી ઓ સામેના ગુનાની તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ થવાથી આરોપીઓ સામેના કેસના સંજોગો બદલાતા નથી ઉલ્ટાનો આરોપીઓ સામેનો કેસ મજબુત બને છે જેથી આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાની દલીલ કરી છે.

૬. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને રેકર્ડ ઉપર થયેલ દલીલો તથા આ કામના તપાસ કરનાર પોલીસ અમલદારની આંક –૦૫ ની એફિડેવીટ તેમજ અન્ય પોલીસ પેપર્સની વિગતો વંચાણે લીધી. હવે, પોલીસની તા.૨૪/૦૫/૨૦૨૦ ની એફ.આર.આર. વંચાણે લઈએ તો હાલના બંને આરોપીઓનુ

નામ એફ.આઈ.આર.માં પ્રથમથી જ જણાવેલ છે અને એફ.આઈ.આર.માં જ આરોપીઓએ પોલીસ ઉપર હુમલો કરી પોલીસને જે ઈજા પહોચાડેલ તેની વિગતવાર વર્ણન કરેલ છે જેથી પોલીસે આરોપીઓ સામે ખોટી હકીકત ઉપજાવી કાઢી તદ્દન ખોટી ફરીયાદ આપેલ છે તેવી આરોપીઓના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણાની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

૭. વધુમા આરોપીઓ ના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા એવી દલીલ કરી છે કે આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થયેલ છે અને પોલીસે ટ્રાયલ કોર્ટ સમક્ષ આક્ષેપિત ગુનાનુ ચાર્જશીટ રજુ કરી દીધેલ છે જેથી પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેતી નથી, પરંતુ આ કામે એફ.આઈ.આર.ની હકીકતો જોતા આરોપીઓ ગેડીયા ગેંગના હીસ્ટ્રીસીટર આરોપીઓ છે અને પોલીસ ઉપર પણ હુમલો કરી પોલીસને ગંભીર ઈજા પહોચાડેલ છે તેવા સંજોગોમાં આરોપીઓનો જનુની સ્વભાવ જોતા આરોપીઓ સામેના ગુનાની તપાસ પુર્ણ થયેલ હોવાના કારણે પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેતી નથી તેવી આરોપીઓના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણાની દલીલ માનવા લાયક જણાતી નથી.

૮. વધુમા આરોપીઓના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા એવી દલીલ કરી છે કે, આ કામના આરોપી સ્થાનીક રહેવાસી છે અને આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચાલવામાં લાંબો સમય લાગે તેમ છે તેમજ જો આરોપીને રેગ્યુલર જામીન મુકત ન કરવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે અને આરોપી તેમના ઘરના એક માત્ર કમાનાર સભ્ય છે, પરંતુ ઉપરોકત પેરાની ચર્ચા દરમ્યાન જોયુ તે પ્રમાણે આરોપીઓ ગેડીયા ગેંગના હીસ્ટ્રીસીટર આરોપીઓ હોવાથી આરોપીઓને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની આરોપીના વિ.વ. શ્રી યુ.આઈ. મકવાણા ની દલીલ ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી.

૯. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટે એવી દલીલ કરી છે કે, આ કામના આરોપીઓ કુખ્યાત ગેડીયા ગેગનો સભ્ય છે અને આરોપીઓ હાઈવે રોબરી અને ચોરી જેવા ગુનામાં સંડોવાયેલ છે તેવા સંજોગોમાં જો આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી થી ગુનાહીત પ્રવૃતિ આચરે તેમ છે જેથી આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાની માંગણી કરેલી છે, અને એફ.આઈ.આર.ની હકીકતો જોતા બનાવ વખતે આરોપીઓએ પી.આઈ.શ્રીને ફ્રેકચરની ઈજા પહોચાડેલ છે તથા બીજા પોલીસ સ્ટાફને છરી વડે ઈજા પહોચાડેલ છે, જેથી આરોપીઓ ની રેગ્યુલર

જામીન અરજી નામંજુર કરવાની વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટની દલીલ ગ્રાહય રાખવા પાત્ર જણાય છે.

**૧૦.** આમ ઉપર મુજબની સમગ્ર ચર્ચાએ આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો તથા સદર ગુનામાં સજાની જોગવાઈ તથા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો લક્ષમાં લઈ આરોપી ઓને ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ અન્વયે મળેલ વિવેકાધિન સતાનો ઉપયોગ કરી આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરુ છુ.

// **હુ ક મ** //

૧. આરોપીઓની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૫મી માહે નવેમ્બર સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૧૧/૨૦૨૨
મું. ધ્રાંગધ્રા.

(ગિરીશકુમાર દેવરાજ પાસી)
યુ.આઈ.સી. જીજે ૦૦૫૦૭,
ત્રીજા એડી. સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.